# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ                                                                                          તા. ૧૫.૦૮.૨૦૧૯

------------

**આજરોજ ૧૫મી ઓગસ્ટ, ૭૩માં "સ્વાતંત્ર્ય દિવસ" નિમિત્તે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ગાંધીનગર ખાતે ધ્વજવંદન કર્યુ.**

------------

**ધ્વજવંદન બાદ ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી તથા પ્રદેશ અગ્રણીશ્રીઓએ ભારત માતા, ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી તથા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી હતી.**

------------

**આજે દેશના ૭૩માં સ્વાતંત્ર્ય પર્વ તથા પાવન તહેવાર રક્ષાબંધન નિમિત્તે ભાજપાના કરોડો કાર્યકર્તાઓ તથા દેશ અને ગુજરાતની સમગ્ર જનતાને હ્દયપૂર્વક શુભેચ્છાઓ પાઠવતાં પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**આ દિવસ આપણા મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનો, આદર્શો અને બહાદુરીને યાદ કરી તેમની પાસેથી પ્રેરણા મેળવવાનો દિવસ છે. – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ નવા ભારતના નિર્માણ માટે દેશના અને રાજ્યના પ્રત્યેક નાગરિક ખભે ખભો મિલાવીને દેશની ઉન્નતિ અને વિકાસમાં સહભાગી બને તે આવશ્યક છે. – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**આગામી સમયમાં જમ્મુ-કાશ્મીરમાં ગ્લોબલ બીઝનેસ સમીટ યોજાવા જઇ રહી છે ત્યારે દેશ અને વિદેશથી વિવિધ ઉદ્યોગપતિઓના પધારવાથી જમ્મુ-કાશ્મીર વિકાસના નવા શિખરો સર કરશે તથા ભારતનું સ્વિત્ઝરલેન્ડ બનવા તરફ અગ્રેસર થશે. – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**આજના આ ધ્વજવંદન કાર્યક્રમમાં પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યા, પૂર્વ મંત્રી અને સંગઠનપર્વના સહઈન્ચાર્જ શ્રી રજનીભાઇ પટેલ, પ્રદેશ અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.**

------------

આજરોજ ૧૫મી ઓગસ્ટ, ૭૩માં "સ્વાતંત્ર્ય દિવસ" નિમિત્તે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ગાંધીનગર ખાતે ધ્વજવંદન કર્યુ હતુ. ધ્વજવંદન બાદ ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી તથા પ્રદેશ અગ્રણીશ્રીઓએ ભારત માતા, ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી તથા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી હતી.

આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ ઉપસ્થિત કાર્યકરો અને નાગરિકોને સંબોધતા જણાવ્યુ હતુ કે, આજે દેશના ૭૩માં સ્વાતંત્ર્ય પર્વ તથા પાવન તહેવાર રક્ષાબંધન નિમિત્તે ભાજપાના કરોડો કાર્યકર્તાઓ તથા દેશ તથા ગુજરાતની સમગ્ર જનતાને હ્દયપૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતના સપૂત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ સમગ્ર વિશ્વમાં આપણો દેશ પરમ વૈભવના શિખરે બિરાજમાન થવાની દિશામાં આગળ વધી રહ્યો છે.

શ્રી વાઘાણીએ આઝાદી માટે પોતાનો જીવ બલિદાન આપનાર દેશના તમામ બહાદુર સપૂતોને વંદન કરતા જણાવ્યું હતું કે, આ દિવસ આપણા મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનો, આદર્શો અને બહાદુરીને યાદ કરી તેમની પાસેથી પ્રેરણા મેળવવાનો દિવસ છે. આજે આપણે સ્વતંત્ર દેશમાં શ્વાસ લઈ રહ્યા છીએ તે અનેક નામી અને અનામી વીરોનાં ત્યાગ અને બલિદાન નું પરિણામ છે. તેઓની દેશ માટે આપેલ આહુતિ એળે ન જાય તે જોવાની આપણી સૌની જવાબદારી બને છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ નવા ભારતના નિર્માણ માટે દેશના અને રાજ્યના પ્રત્યેક નાગરિક ખભે ખભો મિલાવીને દેશની ઉન્નતિ અને વિકાસમાં સહભાગી બને તે આવશ્યક છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતના પનોતા પુત્રો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી તથા ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં ૩૭૦ની કલમ અને ૩૫એ નાબૂદ કરવાનો નિર્ણય લઇને દેશ-વિદેશના કરોડો ભારતીયોના વર્ષોપર્યન્તના સ્વપ્નને સાકાર કરીને કાશ્મીરને સાચા અર્થમાં ભારતવર્ષ સાથે જોડવાનું પ્રશંસનીય કાર્ય કર્યુ છે, તે માટે ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે ગુજરાતના આ પનોતાપુત્રોનું આ મહાન કાર્ય અંકિત થઇ ચૂક્યુ છે. આઝાદીના ૭૦ વર્ષો સુધી ભારતની એકતા અને અખંડિતતા માટે જે કામ કોંગ્રેસે ન કર્યું તે ઐતિહાસિક કાર્ય કેન્દ્રની ભાજપા સરકારે તેની દ્રઢ ઇચ્છાશક્તિ દ્વારા કરી બતાવ્યું છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, સ્વતંત્રતાના ૭૨ વર્ષ બાદ આજે સમગ્ર દેશ આઝાદી મેળવ્યા બાદ પુનઃઆઝાદ થયો હોય તેવી અનુભૂતિ કરી રહ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપણા ગરવી ગુજરાત ખાતેથી પ્રારંભ કરેલ ગ્લોબલ બિઝનેસ સમીટથી સમગ્ર દેશમાં નવી પહેલ શરૂ કરી છે ત્યારે હવે જમ્મુ-કાશ્મીર પણ ગ્લોબલ બિઝનેશ સમીટમાં જોડાવાથી કાશ્મીરના નાગરિકોને પણ દેશના અન્ય રાજ્યોની જેમ જ વિકાસશીલ પ્રવાહમાં સામેલ થવાનો લાભ મળશે. આગામી સમયમાં જમ્મુ-કાશ્મીરમાં ગ્લોબલ બીઝનેસ સમીટ યોજાવા જઇ રહી છે ત્યારે દેશ અને વિદેશથી વિવિધ ઉદ્યોગપતિઓના પધારવાથી જમ્મુ-કાશ્મીર વિકાસના નવા શિખરો સર કરશે તથા ભારતનું સ્વિત્ઝરલેન્ડ બનવા તરફ અગ્રેસર થશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારના વિકાસલક્ષી નિર્ણયોથી જમ્મુ-કાશ્મીર તથા લેહ-લદાખની જનતા સંપૂર્ણ સુરક્ષા અને સલામતી સાથે વધુ સુખી, સમૃધ્ધ તથા સંપન્ન બનશે

શ્રી વાઘાણીએ અંતમાં ભાજપાના તમામ કાર્યકર્તાઓ તથા સમગ્ર દેશ તથા રાજ્યના નાગરિકોને સ્વતંત્રતાના પર્વની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી હતી.

આજના આ ધ્વજવંદન કાર્યક્રમમાં પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યા, પૂર્વ મંત્રી અને સંગઠનપર્વના સહઇન્ચાર્જ શ્રી રજનીભાઇ પટેલ, પ્રદેશ અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ